# LIONS CLUB OF SHAHIBAUG AHMEDABAD

District : 3232 B3 • Zone-4 • 2026-2027

**સરક્યુલર નં. 1/2026-27** **તા. : 01/08/2026**

પ્રિય લાયન વડીલ શ્રી તથા મિત્રો,

## ક્લબ દ્વારા જુલાઈ માસ દરમ્યાન કરવામાં આવેલ સેવાકીય કાર્યની વિગત

☞ **તારીખ 01.07.2026 – HONOR OF CA & DOCTORS**

જુલાઈ માસથી પ્રારંભ થઈ રહેલા નવા લાયન વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ દિવસે, નવનિયુક્ત પ્રમુખ શ્રી કેતન પટેલ અને દર્શના પટેલ દ્વારા DOCTOR'S DAY તથા C.A. DAY નિમિતે, આપણી ક્લબમાં રહેલા DOCTORS તથા C.A. નું સન્માન કરવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં શ્રી શ્રેણિકભાઈ શાહ (C.A.), ડો. શ્રી હસમુખભાઈ અગ્રવાલ, ડો. શ્રી જસવંતભાઈ દરજી, ડો. શ્રી રિષભ અગ્રવાલ તથા ડો. શ્રીમતી ભવ્યતા દરજીનું સન્માન કરવામાં આવ્યું.

☞ **તારીખ : 05.07.2026 – BLOOD DONATION CAMP**

તારીખ 5 જુલાઈ, 2026, રવિવારના રોજ, બાવળા ખાતે આવેલ લોહાણા સમાજ વાડીમાં લોહાણા મિત્ર મંડળ દ્વારા આયોજિત BLOOD DONATION CAMP માં 175 UNIT BLOOD એકત્ર કરવામાં આવ્યું, આ કેમ્પમાં BLOOD DONATE કરનાર દરેક દાતાને શ્રી રશ્મિકાન્ત ભાઈ શાહ પરિવાર તરફથી એક MUG ની ભેટ આપવામાં આવી, જેના માટે તેઓ દ્વારા ₹ 7,000/- નું અનુદાન આપવામા આવ્યું, ક્લબ શ્રી રશ્મિકાન્તભાઈ શાહ તથા પરિવારનો ખુબ ખુબ આભાર માને છે.

☞ **તારીખ : 08.07.2026 – SCHOOL STATIONARY DISTRIBUTION**


લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ તરફથી આજે સવારે 10:30 કલાકે આપણી ક્લબના પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી પિયુષભાઈ મશર દ્વારા કાળીગામ, શ્યામ હિલ્સ ફ્લેટની બાજુમાં, જીએસટી બ્રિજની નીચે, રાણીપ મુકામે આવેલ મંથન આંગણવાડીના 25 બાળકોને જરૂરી પુસ્તકો તથા સ્ટેશનરી વિતરણ કરવાનો એક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, આ પુસ્તક તથા સ્ટેશનરીનો ખર્ચ ₹ 5000/-, શ્રી પિયુષભાઈ મશર દ્વારા આપવામાં આવ્યો. કાર્યક્રમમાં હાજર રહેવા બદલ શ્રી પિયુષભાઈ, મીનાબેન મશર તથા પ્રેસિડેન્ટ શ્રી કેતન પટેલનો ખુબ ખુબ આભાર.

☞ **તારીખ : 08.07.2026 – FOOD FOR HUNGER**


આપણી ક્લબના એક સભ્ય દ્વારા 28, શ્રી નૈનેશભાઈ પટેલ દ્વારા 2, પાસ્ટ પ્રેસિડેન્ટ અમીતભાઈ શાહ દ્વારા 04, TOTAL 34 કીટ (₹ 1100/- ની એક) 34 જરૂરિયાતમંદ કુટુંબમાં વિતરણ કરવા બદલ ડોનર તથા હાજર લાયન મેમ્બર્સનો લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ આભાર વ્યક્ત કરે છે. (આ ઉમદા કાર્ય દર મહિને, છેલ્લા ઘણા સમયથી અવિરત કરવામાં આવે છે, જે બદલ ક્લબ તેમનો આભાર વ્યક્ત કરે છે.)

**લાયન્સ ક્લબના આ સેવાયજ્ઞ માં સહભાગી બનવા બદલ આપ સૌનો આભાર. આપની ઉપસ્થિતિ અને સમર્થન માટે સદૈવ પ્રતિક્ષારત.**

UNLEASH YOUR POTENTIAL – Dist 3232B3 INDIA 2026-2027



President
Ketan P. Patel
M. : 9898092977



Secretary
Nilam N. Bhavsar
M. : 9898565188



Treasurer
Lion Mrs Shetal Patel
M. : 9824561893

Add. : D/35, Greenwood Apartments, Opp. Sarvoday Part-2, Sola Road, Ahmedabad-380061.
Email : ketanpatel0100@gmail.com

☞ **તારીખ : 08.07.2026 – IOL CAMP**

સ્પોન્સરર : સ્વ. રીટાબેનના સ્મરણાર્થે, પ્રેમિલાબેન શાહ પરિવાર તરફથી (શ્રી પ્રવીણભાઈ સી શાહના બહેન) IOL Camp માં હાજર રહેનાર સભ્યો ડૉ. વિનોદભાઈ પટેલ, શ્રી એમ. એન. શાહ, શ્રી ભરતભાઈ શાહ, શ્રી પી. સી. શાહ, શ્રી બંશીલાલજી ધારીવાલ, શ્રી કિર્તીભાઈ દોશી, ડૉ. જશવંતભાઈ દરજી, ડૉ. ચિરાગભાઈ શાહ,. શ્રી અલ્પેશ પટેલ, પ્રેસિડેન્ટ શ્રી કેતન પટેલ અને દર્શના પટેલ. આ ઉપરાંત, આજે ડૉ. વિનોદભાઈ અને ડૉ. ચિરાગ શાહનું સન્માન પણ કરવામાં આવ્યું (જે 'ડૉક્ટર્સ ડે' નિમિત્તે બાકી હતું).

☞ **જુલાઈ-2026 માસના IOL**

| **તારીખ** | **તપાસ** | **ઓપરેશન** |
|---|---|---|
| 01/07/2026 | 10 | 6 |
| 08/07/2026 | 15 | 11 |
| 15/07/2026 | 10 | 9 |
| 22/07/2026 | 15 | 12 |
| 29/07/2026 | 9 | 8 |
| **કુલ** | **59** | **46** |

☞ **તારીખ : 14.07.2026 – GENERAL MEETING**

વર્ષ ૨૦૨૬-૨૭ ની પ્રથમ મિટિંગ ક્લબના પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી શ્રેણિકભાઈ શાહ દ્વારા સ્પોન્સર કરવામાં આવી, આ મિટિંગ ઈસ્કોન મંદિરની સામે આવેલ REAL PEPRIKA માં આયોજિત કરવામાં આવી હતી.

આ મિટિંગમાં નવનિયુક્ત પ્રમુખ શ્રી કેતન પટેલ દ્વારા વર્ષ દરમ્યાન કેવા સમાજ ઉપયોગી કાર્ય કરવા છે, તેના વિષે માહિતી આપવામાં આવી. તદુપરાંત વર્ષ ૨૦૨૫-૨૬ માટે ક્લબના બે DIST. DIRECTORS ને તેમના કાર્ય બદલ મળેલ એવોર્ડ માટે તેઓની આભારવિધિ કરવામાં આવી.

શ્રી રશ્મિકાન્તભાઈ : Dist. Chairperson : - Diabeties માટે તથા સોનલ શાહ – Dist. Chairperson : IT & Marketing માટે. તદઉપરાંત, આપણી ક્લબને Past President Dr. શ્રી ચિરાગભાઈ શાહના વર્ષ દરમ્યાન કરેલ કાર્યો (DIABETES, VISION, HUMANITARION SERVICE, TB AWARNESS તથા EXISTING PROJECTS) માટે પણ એવોર્ડ આપવામાં આવેલ છે.

તારીખ ૧૪/૦૭/૨૦૨૬ - મિટિંગમાં નીચે જણાવ્યા મુજબના ઠરાવ પ્રસ્તુત અને મંજુર કરવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઓડિટર તરીકે ડીમ્પલ વી. શાહ & co. ની નિમણૂંક કરવામાં આવી.
- વર્ષ ૨૦૨૫-૨૬ માટેનો ઓડિટ રિપોર્ટ મિટિંગમાં ઉપસ્થિત ક્લબના સભ્યો સમક્ષ રજુ કરવામાં આવ્યો.
- બેંક એકાઉન્ટ સંચાલન માટેનો ઠરાવ રજુ કરવામાં આવ્યો.
- વર્ષ ૨૦૨૬-૨૭ માટે ક્લબ અને સોસાયટી માટે ખજાનચી શ્રીમતી શેતલ વી. પટેલ દ્વારા બજેટ રજુ કરવામાં આવ્યું, જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું.
- ઓડિટને લગતા કલમ 80G તથા રોકડ ભરવા બાબતના મુદ્દાની રજૂઆત કરવામાં આવી.
- વર્ષ ૨૦૨૬-૨૭ માટે ક્લબને લગતા વિવિધ સેવાકીય કાર્ય માટે કમિટી અને સભ્યોની નિમણુંક કરવામાં આવી.

☞ **તારીખ : 17.07.2026 – SCHOOL DRESS**

આપણી ક્લબ દ્વારા કેવડિયા કોલોની નજીક આવેલ ઝરવાણી ગામમાં આવેલ 03 પ્રાથમિક શાળાના કુલ 135 વિદ્યાર્થીઓને 02 જોડી સ્કૂલ ડ્રેસ (દરેક વિદ્યાર્થીને) આપવાનું નક્કી થયેલ છે. જેમાં લિમ્બડા ફળિયાની પ્રાથમિક શાળા નંબર 02-જેમાં કુલ વિદ્યાર્થીની સંખ્યા 35, ભાંગડા ફળીયાની પ્રાથમિક શાળા નંબર 01-જેમાં કુલ વિદ્યાર્થીની સંખ્યા 76.

કુલ 111 વિદ્યાર્થી-પ્રતિ ડ્રેસ કિંમત ₹ 600/- = 111*600 = ₹ 66,600/-.

આ ઉપરાંત, નાના પિપરિયા ગામની એક પ્રાથમિક શાળામાં કુલ વિદ્યાર્થીની સંખ્યા 24 છે, જેની સ્કુલ ડ્રેસની કિંમત 24*600 = ₹ 1,44,00/- છે.

આપણી ક્લબના એક સભ્ય દ્વારા આગામી પાંચ વર્ષ માટે આ શાળાને આ વર્ષે બે સેટ સ્કૂલ ડ્રેસ આપવામાં આવશે, ત્યારબાદ આગામી વર્ષે રેઈનકોટ અને સ્વેટર આપવામાં આવશે. અને ત્યારપછીના તૃતીય વર્ષમાં ફરીથી દરેક વિદ્યાર્થીને બે સેટ ડ્રેસ આપવામાં આવશે. આ પ્રોજેક્ટનો સંપૂર્ણ ખર્ચ ₹ 14,400/- ક્લબના એક સભ્ય દ્વારા આપવામાં આવશે.

આ પ્રોજેક્ટ માટે ક્લબ તરફથી અનુદાન આપનાર સર્વ સભ્યો નો ખુબ ખુબ આભાર...

☞ **તારીખ : 18.07.2026 – WATERCOOLER**

અગાઉ જેમ જાહેર કરેલ તે મુજબ ક્લબના PAST PRESIDENT શ્રી રશ્મિકાન્તભાઈ શાહ અને પરિવાર તરફથી સંકરપુરા પ્રાથમિક શાળા (સિંદીવાડા, માતર, ખેડા) ને ₹ 42,000/- ની કિંમતનું (BLUESTAR COMPANYનું) એક WATER COOLER ભેટ આપવામાં આવેલ છે.

જે ત્યાંની શાળામાં કાર્યરત થઇ ગયેલ છે. અને શાળાના વિદ્યાર્થી તેનો ઉપયોગ કરી રહ્યા છે.

શ્રી રશ્મિકાન્તભાઈ શાહ અને પરિવારને ક્લબ તરફથી ખુબ ખુબ અભિનંદન.

☞ **તારીખ : 20.07.2026 – સાડી વિતરણ**

ક્લબના એક સભ્ય દ્વારા ત્રિશા હોસ્પિટલ, નિર્ણયનગર અંડર બ્રિજ પાસે, નિર્ણયનગર, નવા વાડજ, અમદાવાદમાં કામ કરતા બહેનોને (સ્વીપર બહેનો, વોચમેનની પત્નીઓ, તથા વૉર્ડબોયની મધરને) એમ કુલ 30 જરૂરિયાતમંદ વ્યક્તિઓને સાડી વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

જેમાં Past President શ્રી પિયુષભાઈ મશર તથા મિનાક્ષીબેન મશરને હાજર રહેવા બદલ ખૂબ ખૂબ આભાર.

☞ **જુલાઈ મહિનાના બીપી તથા ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ**

લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ તથા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના સહયોગથી ડાયાબિટીસ તેમજ બીપી ચેકઅપના કેમ્પ નીચે જણાવેલા તારીખે અને સ્થળે કરવામાં આવેલ.

| S.N. | Date | Name of Place | Number of Participants |
|---|---|---|---|
| 1 | 05-07-2026 | Samaldas Arts College, Bhavnagar | 40 |
| 2 | 13-07-2026 | Vihar Village, Mehsana | 24 |
| 3 | 21-07-2026 | Umta Village, Mehsana | 26 |
| 4 | 26-07-2026 | Khodiyar Mandir, Bhavnagar | 32 |
| | | **Total** | **122** |

આ સેવાકાર્યમાં શ્રી રશ્મિકાંતભાઈ શાહ પરિવાર તરફથી ₹ 20,000/-નું અનુદાન ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવેલ છે. આ ઉમદા સેવાકાર્યમાં અનુદાન આપનાર રશ્મિકાંતભાઈ શાહ પરિવારનો લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ અમદાવાદ ખૂબ ખૂબ આભાર માને છે.

☞ **જુલાઈ-2026 - સેવ અ લાઈફ અંતર્ગત પરમેનેન્ટ પ્રોજેક્ટ**

સેવ અ લાઈફ અંતર્ગત ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશનના સૌજન્યથી અગાઉ આપણી કલબ તરફથી આપેલા બે ડાયાલિસિસ મશીનથી હિંમતનગર ખાતે આવેલા ડાયાલિસિસ સેન્ટરમાં **જુલાઈ-2026** ના મહિનામાં **8** પેશન્ટોને કુલ **90** વાર ફ્રીમાં ડાયાલિસિસ કરી આપવામાં આવેલ.

આ ઉમદા કાર્ય માટે અનુદાન આપનાર શ્રી રશ્મિકાંતભાઈ શાહ પરિવાર તેમજ આ બંને પ્રોજેક્ટમાં ખૂબ જ મહેનત કરનાર આપણા સભ્ય શ્રી જયેશભાઈ પટેલ તેમજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને તેમની ટીમનો લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ ખુબ ખુબ આભાર માને છે.

☞ **શોક-સંદેશ**

IMMEDIATE PAST PRESIDENT ડો. શ્રી ચિરાગભાઈ શાહના મોટા ભાઈ શ્રી સંજીવભાઈ ધીરુભાઈ શાહનું અવસાન તારીખ 19/07/2026 ના રોજ થયેલ છે.

સ્વર્ગસ્થનું બેસણું તારીખ 26/07/2026 ને રવિવારના રોજ સવારે 9:00 વાગ્યાથી 11:00 વાગ્યા સુધી રાખવામાં આવેલ, પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના...

## આગામી માસના કાર્યક્રમ

☞ **IOL Camp**

| | | |
|---|---|---|
| તારીખ | : | ૧૨/૦૮/૨૦૨૬, બુધવાર |
| સમય | : | બપોરે ૨:30 વાગ્યાથી |
| સ્પોન્સરર | : | શ્રી ધવલભાઈ નવિંનચંદ્ર શાહ (નવિનબાપા) |
| સ્થળ | : | ગિરધરનગર પેથોલોજી લેબોરેટરી |

☞ **ઓગસ્ટ માસની જનરલ મિટિંગ**

| | | |
|---|---|---|
| તારીખ | : | ૧3/૦૮/૨૦૨૬, ગુરુવાર |
| સમય | : | સાંજે ૭:30 વાગ્યે |
| સ્પોન્સરર | : | શ્રી અનિલભાઈ ગુપ્તા |
| સ્થળ | : | શ્રી ખોડિયાર કાઠિયાવાડી ઢાબા,<br>109-110, સૂર્યા આઈકોન, ટોરેન્ટ પાવર (એ.ઈ.સી.) ની સામે, નારણપુરા. |

મિટિંગમાં નીચે મુજબના પોઈન્ટ પર ચર્ચા કરવામાં આવશે.

- જુલાઈ માસમાં કરવામાં આવેલ સેવાકીય કાર્ય
- આવનાર સમયમાં કરવાના સેવા કાર્ય
- ડિસ્ટ્રિક્ટ ઈન્વોઈસમાં જે નવા મુદ્દા જણાવ્યા છે તે બાબત
- ક્લબના સભ્યો તરફથી કોઈ સૂચન અથવા નવા આયોજન બાબત

☞ **સભ્યોને ખાસ વિનંતી :**

**ઑડિટર દ્વારા ખાસ આગ્રહ છે કે, ક્લબને આપવામાં આવેલ કોઈપણ ડોનેશનની રકમ ક્લબના (સોસાયટી) એકાઉન્ટમાં રોકડમાં જમા ના કરાવશો.**

સેક્રેટરી
**નીલમ ભાવસાર**

જોઈન્ટ સેક્રેટરી
**રૂપેશ શાહ**